અપીલ અરજી નં.૧૦૦ તા.૧૫–૬–૧૦/૧૧

અરજદાર:– શ્રી રતિલાલ લલ્લુભાઈ ઘીવાળા
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રતિલાલ લલ્લુભાઈ ઘીવાળાની આઈ ડી નં.૧૮૨ તા.૧૧–૫–૧૦ ની અરજીથી ટેના નં.૫બી–૧૫–૧૫૧૧–૦–૦૦૨ માં ઓકયુપાયર તરીકે ઈન્દ્રસેન દોલતરામ ગુલાંટીનું નામ કોર્પોરેશનના રેકર્ડ ઉપર કયા દસ્તાવેજી પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૦/૨૦૧૦–૧૧

શ્રી રતિલાલ લલ્લુભાઈ ઘીવાળાની આઈ ડી નં.૧૮૨ તા.૧૧–૫–૧૦ ની અરજીથી ટેના નં.૫બી– ૧૫ – ૧૫૧૧ –૦–૦૦૨ માં ઓકયુપાયર તરીકે ઈન્દ્રસેન દોલતરામ ગુલાંટીનું નામ કોર્પોરેશનના રેકર્ડ ઉપર કયા દસ્તાવેજી પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ થયેલ હોય તો તે અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૮ તા.૧૯–૬–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગતો અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/સે.ઝોન/આ.નં.૧૬ તા.૬–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ તથા અરજદારને પત્ર નં.એઆરડી/૧૬ તા.૫–૬–૧૦ સેન્ટ્રલઝોન ધ્વારા પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૫–૧૦ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૪,૫ અને ૬ ની માહિતી માંગવામાં આવેલ છે. મુદ્દા નં.૪ અમો અરજદારની વડીલો પાર્જીત મિલ્કત તેનો વોર્ડ નંબર તથા નોંધ નંબર ૫/૧૯૯૫ છે જે મિલ્કતમાં હાલમાં ગ્રાઉન્ડ ફ્લોર અમારા મર્હુમ માતૃશ્રી બાઈશ્રી ઈચ્છાબાઈ લલ્લુભાઈ ઘીવાળાની માલીકી ચાલી આવેલ છે સદર મિલ્કતનો ટેના નં.૦૫બી–૧૫–૧૫૧૧ –૦–૦૦૦ તથા નં.૦૫બી–૧૫–૧૫૧૧–૦–૦૦૧, નં.૦૫બી–૧૫–૧૫૧૧–૦–૦૦૨ સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનમાં આ નંબરથી નોંધાયેલ છે. આ બધા ટેનામેન્ટ પૈકી ટેના નં. નં.૦૫બી–૧૫–૧૫૧૧–૦–૦૦૨ માં ઓકયુપાયર તરીકે ઈન્દ્રસેન દોલતરામ ગુલાટીનું નામ કોર્પોરેશનમાં રેકર્ડ ઉપર છે જે નામ કયા આધારે તથા તેમનું નામ રેકર્ડ ઉપર ચઢાવવા માટે જે ફોર્મ કોર્પોરેશનમાં રજૂ કરવામાં આવેલ છે તે અરજી ફોર્મની સહી સિકકાવાળી નકલ. (૨) સદર મિલ્કતનો ટેના.નં. નં.૦૫બી–૧૫–૧૫૧૧–૦–૦૦૨ ઈન્દ્રસેન દોલતરામ ગુલાટીનું નામ ચાલી આવેલ છે જે નામ કયા દસ્તાવેજી પુરાવા ના આધારે ચઢાવવામાં આવેલ છે તે દસ્તાવેજી પુરાવાની સહી સિકકાવાળી નકલ. (૩) સદર મિલ્કતનો ટેના નં. નં.૦૫બી–૧૫–૧૫૧૧–૦–૦૦૦ તથા નં.૦૫બી–૧૫–૧૫૧૧–૦–૦૦૧ માં બાઈ ઈચ્છાબાઈ લલ્લુભાઈ ઘીવાળાનું નામ કયા દસ્તાવેજી પુરાવાના આધારે ચઢાવવામાં આવેલ છે તે દસ્તાવેજી પુરાવાના રેકર્ડની સહી સિકકાવાળી નકલની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૬ સેન્ટ્રલઝોન તા.૫–૬–૧૦ થી "વોર્ડ નં.૫ નોંધ ૧૯૯૫ વાળી મિલ્કતમાં ટેના નં. નં.૦૫બી–૧૫–૧૫૧૧–૦–૦૦૧ અને ૦૦૨ પર ઓકયુપાયર તરીકે અનુક્રમે બાઈ ઈચ્છા વીડો ઓફ લલ્લુભાઈ છગનલાલ અને ઈન્દ્રસેન દોલતરામ ગુલાટીનું નામ કયા પુરાવાના અધારે ચઢાવવામાં આવેલ છે તેની માહિતી માંગેલ છે તે અન્વયે ૧૯૭૧–૭૨ મ્યુ. રેકર્ડ તપાસતા હાલમાં જે નામો મિલ્કતમાં દાખલ છે તે જ નામો ૧૯૭૧–૭૨ માં પણ ચાલી આવેલ છે સદર માહિતી આશરે ૩૮ વર્ષથી પણ વધારે જુની હોય માંગવામાં આવેલી માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરી દસ્તાવેજી પુરાવા અને ફોર્મ ની માંગ્યા મુજબની માંગણી કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ૩૮ વર્ષનો સમયગાળો બતાવેલ છે પરંતુ માહિતી ન હોવાથી તે અંગેના રેકર્ડનો નિકાલ કે નાશ કર્યા અંગેની કોઈ વિગતો પૂરી પાડેલ જણાતી નથી. જો કાર્યવાહીના કાગળોના દફતરનો નિકાલ કે નાશ કર્યો હોય તો તે બાબતનું કાયમી દફતર હોય જ. કાયદાથી ચરિતાર્થ થયેલ પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના ઉદ્દેશો ધ્યાને લેતાં નિર્દિષ્ટ દફતરી નિભાવણી હોવાનું આવશ્યક પણ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી માહિતી બાબતે મહાનગરપાલિકાના અમલી રેકર્ડ વર્ગીકરણ રુલ્સની વિગતે દફતરી નિકાલ કે નાશ કર્યા બાબતની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

વધુમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ દફતરી માહિતી ધ્યાને લેતાં તથા અરજદારે માંગેલ ઘણા લાંબા સમયની માહિતીને અનુલક્ષી અરજદાર ઈચ્છુક હોય તો બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫(૨) ની ફી લાગુ કિસ્સામાં ભરીને જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની અપીલ તબકકે નામ કમી કરવા વિગેરેની રજૂઆત કાર્યવાહીના નિકાલને સ્પર્શતી હોય તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રતિલાલ લલ્લુભાઈ ધીવાળા,